॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી સરસ ગીતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાઇ પુરબાઇ તે ઠક્કર મોનજી લક્ષ્મીદાસની વિધવા.

ખોપરાની દુકાન.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી સરસ ગીતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બાઇ પુરબાઇ તે ઠક્કર મોનજી લક્ષ્મીદાસની વિધવા.

ઠે૦—નલબજાર, ખોપરાની દુકાન.

કિંમત અમૂલ્ય.

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪

॥ ૐ નમઃ શ્રી રામચંદ્રાય ॥

॥ ચોપાઇ ॥

ગુરુજીનું ધ્યાન ધરી હરિગુણ ગાઇશું,
પ્રિત્યે રસ પ્રેમ કથા પ્રેમીને પાઇશું ॥ ૧ ॥

આગે જન અનેક થયા વાણી વિસ્તાર છે,
લીલા રસ સિંધુ સુધા અનંત અપાર છે ॥ ૨ ॥

ઝીલા જન મુક્ત થઇ અમે અભિલાખમા,
તેણે રસ પુરણ પીધો છક્યા તે છાકમા. ॥ ૩ ॥

જથા મતિ જેવી જેની તેવું તે ઉચર્યા,
ભજ્યા જે ભક્તિ ભાવે તે તો નિશ્ચે તર્યા ॥ ૪ ॥

ઉદ્ધવના માન માટે વિચાર્યું કૃષ્ણજી,
એને વ્રજ મોકલ્યું વેગે પોતે કર્યું પ્રશ્નજી ॥ ૫ ॥

માતાને પુત્ર પ્રિયે પુઠે ફરે ન્યાલવા,
ઉપાય અનેક કરે રોગને ટાલવા ॥ ૬ ॥

એવા જન હરિને વાહલા જાણવે જોઇને,
જરા અભિમાન આવે નાંખે વિષ ઘોઇને ॥ ૭ ॥

ઓધવ એક અમારી ચિત્ત ધરો વાતડી,
વૃંદાવન રાસ રમ્યા સરદની રાતડી ॥ ૮ ॥

તે તો સુખ સાભરે મુને તમને તે શુ કહુ'
જાણે તે વ્રજની નારી મન સમજી રહુ ॥ ૯ ॥

ગોપીજન આત્મા મારો નિમેખ ન વિસરે,
મુજને મળવા માટે સહુ સુના ફરે ॥ ૧૦ ॥

તેહને જ્ઞાન કરી ઘણુ સમજાવજો,
સઉના સશે ટળે એવુ કરી આવજો ॥ ૧૧ ॥

મારા માત તાત કહીયે જસોદા નંદજી,
તેણે બહુ લાડ લડાવ્યા અતિ આનંદજી ॥ ૧૨ ॥

વ્રજ જન સહુ સ્નેહી ચિત્તમા ચાહે છે,
અમો જે દિનના આવ્યા દુખી તે થાય છે ॥ ૧૩ ॥

આવ્યા અમો અવ્ર કરી ફરી ગયા નહિ
વિયોગે પિડા પામે સુખ આપો જઈ ॥ ૧૪ ॥

મુગટ કુંડલ માલા આભુત્રણ અંગના,
નિજ રથ બેસવા આપ્યો ચિન્હ શ્રીરંગના. ॥ ૧૫ ॥

॥ સાખી ॥

ઓધવને આપી આજ્ઞા વેગે કરો વ્રજ પ્રવેશ,
પ્રેમ સ્નેહી સુંદરી તેહને આપો જઇ ઉપદેશ ॥ ૧૬ ॥

તમો સર્વજ્ઞ સુધીર છો જ્ઞાનવાન પ્રમાણ,
પ્રમોદો વૃજ જોષિતા ઓધવ ચતુર સુજાણ ॥ ૧૭ ॥

॥ વિશ્રામ ॥

ઉધવે આજ્ઞા માગી રથે બેઠા જઈ,
વેગે વૃજ પથે પળ્યા જોવાની ઇચ્છા થઈ ॥ ૧ ॥

સંધ્યા સમે સુરભિ સંગે સુખે તહાં આવિયા,
જસોદાયે દીઠા જ્યારે ભલા મન ભાવિયા ॥ ૨ ॥

નંદજી ભેટયા ભાવે આસન આપીયા,
દયા કરી દીન જાણી દુખડા કાપિયા. ॥ ૩ ॥

શંકરપણ શ્યામ સુખી કહો તે શું કરે,
ઉગ્રસેન આદે જાદવ કેહેના આનંદ વરે ॥ ૪ ॥

સ

૭.

ઉદ્ધવ કહે સર્વે સુખી તમ પ્રસાદથી,
જેમ ગજ વૃંદ નાસે સિંહના નાદથી ॥ ૫ ॥

તેમ દુઃખ દીર્ઘ નાઠા દીઠા હલધર હરી,
મધુપુર નારિ નર સુખે શોભા ધરી ॥ ૬ ॥

નંદ આનંદ પામ્યા સુજસ સાંભળી,
એ જેને ભેટ્યા ભાવે તેની વેળા વળી ॥ ૭ ॥

રુડી રસોઇ કીધી જસોદાયે જુક્ત શું,
ભાવે નિશા ભોજન કીધાં સાકર દુધશું ॥ ૮ ॥

પ્રેમે પલંગ બિછાની બેઠા બીડાં કરે,
અન્યોઅન્ય ઉધવ નંદ લેઇ સુખમાં ઠરે ॥ ૯ ॥

જસોદા પુછે પિત્યે ખબર લાલની,
જાદવ જુક્તીશું જાણે ગતિ ગોપાળની ॥ ૧૦ ॥

ગી.

સરૂપવતી કીધી કસની સેવકી,
બહુ બડભાગી કહીયે વસુદેવ દેવકી ॥ ૧૧ ॥

એના અટપટા લક્ષણ બાલપણે બહુ,
વ્રજ વધુ સર્વે સાખ્યુ હેતે હસિયા સહુ ॥ ૧૨ ॥

અમો પુત્ર ભાવે ભાળ્યો ઓઢણી ઓઢતો,
પ્રિત્યે પયપાન કરી પારણે પોડતો ॥ ૧૩ ॥

એણે સ્તનપાન કરી મારી તે પુતના,
કઈના પ્રાણ હર્યા કસના દુતના. ॥ ૧૪ ॥

સકટાસુર અસુર એવો આવ્યો અમો બારણે,
અમે તો કાઈ ન જાણ્યુ પોઢાડયો પારણે ॥ ૧૫ ॥
તેને પદપ્રહાર કરી પ્રાણ હેલામા હર્યા,
કાગાસુર આવ્યે દહી પાપી પ્રલે કર્યા ॥ ૧૬ ॥

મને ગર્ગાચાર્યે કહ્યુ તે તો સર્વે થયુ,
માયાના આવર્ણે માટે અમો કાઇ નવ લહ્યુ ॥ ૧૭ ॥

એકવાર નયણે નિરખુ કેશવ રામને,
કહીયે કિરતાર્થ કરો ગોકુળ ગામને ॥ ૧૮ ॥

એમ કહી આંખુ ભરી આસુડા આવિયા,
અમો તપ ઓછા કીધા પાછા ફળપાવિયા ॥ ૧૯ ॥

ઉધ્ધવ કહે એમ ન કીજે તમે તો જાણુ છો,
એ તો હરી અંતરજામી તેઓના પ્રાણ છો ॥ ૨૦ ॥

તમારા ભાગ્ય ભલા પુન્યનો પાર નહીં,
તમે તો નયણે નિરખિ લીલા અવતારની ॥ ૨૧ ॥

॥ સાખી ॥

પરસ્પર ગોષ્ટા કરી ઉદ્ધવ ને નહસાય,
હરિના ગુણ સભારિને પ્રેમ મુદિત મન થાય ॥ ૨૨ ॥

કૃષ્ણ કથા આનદમયી સિંધુ સુધા સુખશરીર,
પ્રેમ પુનિત તે પામશે કૃપા કૃષ્ણ જદુવીર ॥ ૨૩ ॥

॥ વિશ્રામ ॥ ૨ ॥

સૂક્ષ્મ રજની રહી વીતી ગઇ વાતમા,
જાગી સહુ જુવતિજન મન પ્રભુનાથમા ॥ ૧ ॥

મઈ વલોવા લાગિ સર્વે સુદરી,
ગોપી ગુણ ગાન કરે રસ ભાવે કરી ॥ ૨ ॥

રાગ સારગ આલેપે ભેરવી ભાસમા,
કોકિલા કઠ સ્વર પુરે અસે આભલાખમા ॥ ૩ ॥

ઉચે સ્વરે ઉચરે એવુ આનંદે ગાઇને,
અક્રૂર કૃષ્ણ બાળસ્નેહી ગયા કામ વાઇને ॥ ૪ ॥

નૌતમ નાદ તણી શબ્દ ધુની થાય છે,
ઉદ્ધવ આનંદ પામ્યા જમુના તટ જાય છે ॥ ૫ ॥

આવ્યા રવિ તનયા તીરે સુખ પામ્યા ઘણુ,
તનમન મજન કરિ ધ્યાન ધર્યુ હરિ તણુ ॥ ૬ ॥

સખી એક સદન થકી બારણે નીસરી,
રથ નંદદ્વાર દીઠો જોયુ જુક્તે કરી ॥ ૭ ॥

અક્રૂર આવ્યા હુતા આવ્યો રથ લેઇને,
સુખ સમસ્ત સમેટયુ ગયા દુખ દેઇને ॥ ૮ ॥

રથ શે અર્થે આવ્યો વળી શુ વીસર્યુ,
જીવન પ્રાણ જાતા પછે શુ ઉગર્યુ ॥ ૯ ॥

અન્યોઅન્ય વાત જાણી આવી સહુ સુંદરી,
પ્રિત્યે જશોદાને પુછે આવ્યા શું શ્રીહરી. ॥ ૧૦ ॥

એટલે ઉદ્ધવ આવ્યા જમુના નાહને,
હરિના જન જાણી નમી પાયે ધાહને. ॥ ૧૧ ॥

જેવા જુગદીશ કહિયે એવા જન એહના,
રૂપ ગુણ વરણુ એવો સુભાવે તે દેહનાં ॥ ૧૨ ॥

મુસ્તકે મુગટ સોહે તેજ ઘણું તે તણું,
તિલક કેસર તણું સુંદર સોહામણું ॥ ૧૩ ॥

જગમગ ઝલકી રહ્યા કુંડલ કાનમાં,
નેત્ર દલ કમળ જેવાં લાગી પલ ધ્યાનમાં. ॥ ૧૪ ॥

પ્રફુલિત પ્રસન વદન શરદ કેરો શશી,
નિરંતર એક હરિ રહ્યા હૃદયે વસી. ॥ ૧૫ ॥

ઉરે અતર ઓપે માલા મુક્તાતણી,
પિતાબર અગ ધર્યા શોભા દીસે ઘણી. ॥ ૧૬ ॥

ભુજે ભલા ભૂષણ ધર્યાં રુડા કર રાજે છે,
જોઈ પદ જુગલ છબી મનમથ લાજે છે ॥ ૧૭ ॥

ગોપી કહે ભલે આવ્યા સખા છો શ્યામના,
લોક તો લાઠીયાં વસે છે ગોકુલ ગામના. ॥ ૧૮ ॥

મુખે તો મીઠું બોલે મેલ ઘણો મનમા,
જુવો અમે સગ કર્યો મેલ્યા મહા વનમા ॥ ૧૯ ॥

॥ સાખી ॥

ઉદ્ધવોકહે અમે આવીયા, નિશાનિ ગમિ એક,
માહારાજે મુને મોકલ્યો કહેવા જ્ઞાન વિવેક ॥ ૨૦ ॥

શોક ન ધરશો સુંદરી, પ્રભૂ સદા તમ પાસ,
દ્વિત્ ભાવને પરહરો, રાખો દ્રઢ વિશ્વાસ ॥ ૨૧ ॥

॥ વિશ્રામ ॥ ૩ ॥

મને શ્રીકૃષ્ણે કહ્યુ કહુ તે કામની,
ભ્રમણા મનની મુકો ભજો હરિ ભામની ॥ ૧ ॥

હરિના હેતુ છો તમે સહુ તારુણી,
નિર્મળ નામ ગ્રહો તજો વિખ વારુણી ॥ ૨ ॥

ઉષ્ણ ઉદક જેવો આ સંસાર છે,
તેમા એક તત્વ મોટુ સમજ સાર છે ॥ ૩ ॥

જે જને તન તપાસ્યુ તેહના સંશે ટળ્યા,
પ્રણવ ધ્યાન ધરિ ભાવે હરિમા ભળ્યા ॥ ૪ ॥

નિરંજન વેદ ગાયો તે તો ઘટમા વસે,
એક દ્રષ્ટે જોશો જ્યારે દુઃખ બધાં જશે ॥ ૫ ॥

ભીજાભાવ ભાગશે જ્યારે બ્રહ્મને ભાળશો,
આત્મા અખડ એનો નિરતર ન્યાળશો ॥ ૬ ॥

મોટા મુની યોગ સાધે જેહને પામવા,
દેહનુ દમન કરે ભવ દુખ પામવા ૭ ॥

સસારમા સુલભ હોયે શાને તપ આચરે,
સુખ સમરથી મુકી સિદ્ધને નિસરે ॥ ૮ ॥

જેહને વૈરાગ્ય વાપ્યો સહુ મુકી ગયા,
ગૃહ અધ કૂપ તજી જઇ વનમા રહ્યા ॥ ૯ ॥

મોટા મોટા રાજ મુકી ગયા તપ સાધવા,
શિવ સમ સમાન સેવે એહને આરાધવા ॥ ૧૦ ॥

સહસ્ર અઠ્ઠાસી આદે જઇ વનમા વસ્યા,
આત્મા સાધન કરે પ્રગટિ મહા દસા ॥ ૧૧ ॥

માયાનો સગ મુકી ભજ્યા તે ભાવને,
ભાવે તે હરિને ભેટ્યા ભૂલ્યા દેહ ભાનને ॥ ૧૨ ॥

એહવો ઉપદેશ અમારો માનશો માનુની,
તારે મનમાહિ થશે ભાળ ભગવાનની ॥ ૧૩ ॥

પડમા પ્રગટ થાશે ભ્રાંતિ સહુ ભાગશે,
નિજ સ્વરૂપ સાથે જ્યારે લે લાગશે ॥ ૧૪ ॥

અજપા જાપ થાશે જુવો તેને ઝાખીને,
હરખને શોક સહુ દુર દિયો નાખિને ॥ ૧૫ ॥

॥ સાખી ॥

નિજ સ્વરૂપ જ્યારે જુડે, થાયે કલ્પના નાશ;
જેહને હીંડો ખોળતા તેહ તમારી પાસ ॥ ૧૬ ॥

સ. ઉધવ કહે સહુ સાભળો, ચતુરા ચતુર સુજાણ; ગી.
૧૭ પ્રતિત ન આવે પ્રેમદા, તો પુછો વેદ પુરાણ ॥ ૧૭ ॥

॥ વિશ્રામ ॥ ૪ ॥

પછે વ્રજ અબળા બોલી રીસ રખે ચડે,
અમો તો જુવતિ જન એવુ કેમ આવડે ॥ ૧ ॥

તમે જે જોગ કહ્યા તમારા કામનો,
અમારો પીડા ન્યારો ગોકુલ ગામનો ॥ ૨ ॥

અરજ એક અમારિ ઉધવ સાભળો
અમારા મનમા વસ્યો સુંદર શામળો ॥ ૩ ॥

અમે તો નેણ નિહાળ્યો નટવર નાથને,
એણે મોહની લગાડી સહુ વ્રજ સાથને. ॥ ૪ ॥

ધુતારામા ધુત વિદ્યા મુખે શુ વખાણીયે,
એવા અનેક ચરિત્ર અમો સહુ જાણીયે. ॥ ૫ ॥

જસોદા મારવા લેતા ક્રોધ કરિ ઘણે,
તારે નાસિને આવે ભુવન અમતણે ॥ ૬ ॥

કુહુશે કોણ રાખશો મુને મુખે એવુ ભણે,
એહને ઘરમા ઘાલીને રેતા અમો આગણે ॥ ૭ ॥

ભુવન ભીતર પેસી ઉદ્યમ એહવો કરે,
મહિના માટ ફોડી માખણ મુખમા ધરે ॥ ૮ ॥

અમો જ્યારે આવીએ પાસે નાસિને નિસરે.
એણે એવા કામ કર્યાં કુડો કેમ વિસરે. ॥ ૯ ॥

વછના પુછ ગ્રહી ઉઠાડે આમળી,
વળી બાળક જગાડે ધોયે અગ આગળી. ॥ ૧૦ ॥

એહને ડરે ઉંચું કાંઇ મુકીયે સહુ સખી,
અનુપલ ઉપર ચડી પાડે તે તહાં થકી. ॥ ૧૧ ॥

એક વાર એમ વિચાર્યું બાંધુ કર સાંઇને,
લેઇને જઇ દેખાડું જસોદા માઇને. ॥ ૧૨ ॥

એક વાર માખણ ખાતા ગ્રહ્યા ગોવિંદને,
હવે ક્યાં નાસિને જશો કહ્યું કૃષ્ણચંદને. ॥ ૧૩ ॥

તાણી બે હાથ બાંધ્યા ચાલી ચોપે કરિ,
ઉપરે ચિર ઓઢાડી હિંડિ હરખે ભરિ ॥ ૧૪ ॥

નંદરાણી માનતા નોતા જુવો આ બાલને,
ભોવનમાંથી માખણ ખાતા ગ્રહ્યા ગોપાળને. ॥ ૧૫ ॥

ઉપરથી અળગું કીધું અંબર ઓઢ્યા તણું,
જુવે ત્યાં બાલ પોતાનું લજ્યા પામિ ઘણું. ॥ ૧૬ ॥

નેહ નંદભોવનમાંથિ હિંડા હરિ આવતા,
જોતામા જુડી પરી સુંદરિ સર્વે ત્યા ॥ ૧૭ ॥

અમકુ આગ અડાવે શા માટે સુંદરી,
જુવતીનુ જોર ના ચાલે હેતે હરખાઆ હરી ॥ ૧૮ ॥

એવા હરિ આનંદ રૂપી અમો જે દિઠડા,
બીજા અનેક ઉપાય લાગે કેમ મિઠડા ॥ ૧૯ ॥

જે જે સુખ અમને આપ્યા તે દુર્લભ દેવને,
બીજુ શુ ધ્યાન ધરૂ તજી અશ્વમેવને. ॥ ૨૦ ॥

॥ સાખી ॥

પ્રગટ રૂપ સુંદર વદન, નખ સિખ છબી ઘનશ્યામ,
તે શુ મન અટકી રહ્યુ, ક્ષણુ ખસે નહિ આન. ॥ ૨૧ ॥

નાગર નવલ કિશોરશું, અાવિ પુરણ પ્રીત,
અવર વાત આવે નહિ, એહિ અમારી રીત. ॥ ૨૨ ॥

॥ વિશ્રામ ॥ ૫ ॥

ઉધ્વ કહે અબળા તમે એ તે સાચું કહ્યું,
એહનુ અકલ રૂપ સહુ ઘટમા રહ્યું ॥ ૧ ॥

બોલે તે બીજો નહિ તમમા તેજ છે,
વિશ્વમા વ્યાપી રહ્યો અખડિત એજ છે (૨)

તે તો ભરપુર ભર્યો પડ બ્રહ્માડમા.
જેમ રવી જુજવા દીસે ભાસે બહુ ભાડમા ॥ ૩ ॥

એક અનેક રૂપે બહુ વિધિ બોલતો,
વિધ વિધ વેષ ધરિ દિસે છે ડોલતો. ॥ ૪ ॥

ભિન્ન ભિન્ન ભૂષણ બન્યાં કુંદન એક છે,
નામ ને રૂપ ન્યારા જોયામા વિવેક છે ॥ ૫ ॥

એક સુત્ર ભાવે જોતાં જેવાં પટ તતુ છે,
સાગર અગાધ અબુ લહેરિ અનત છે ॥ ૬ ॥

અવનિ એક રૂપે બીજા બહુ પાત્ર છે,
અન્નનુ લોષ્ટ કરે શાહુના સહુ સહસ્ત્ર છે ॥ ૭ ॥

જેમ કાંઇ સાકર કેરી બહુ મિઠાઈ કરે,
સરવે સાકર જાણો બીજુ નહિ નિસરે ॥ ૮ ॥

સુરભી સ્વરૂપ ઘણા વરણ વિચિત્ર છે,
તેહનુ પય એક રગે પર્મ પવિત્ર છે ॥ ૯ ॥

એમ તમે આત્મા જાણે અરૂપિ એહ છે,
ઉત્તમ ને મધ્યમ એનો દિઠામા દેહ છે ॥ ૧૦ ॥

સ. ૨૩

કાષ્ટમાં અગ્નિ કૈયે એમ અવિનાશ છે,
સર્વમા સાક્ષી રુપે નિરતર વાસ છે ॥ ૧૧ ॥
કસ્તુરી મૃગમા વસે જોતા વનમા ફરે,
પ્રેમલ પાસથી આવે ભુલ્યો ભટકી મરે ॥ ૧૨ ॥

॥ સાખી ॥

એમ સકલ સસારમા, વસે હરિ ભરપુર,
જીવ દશા મેટે નહિ, તેહથી દેખે દુર ॥ ૧૩ ॥
જથારથ જાણ્યા વિના, જીવ દશા નવ જાય,
તીંહા લગી ઉપજે કલ્પના, અજ્ઞાને અથડાય ॥ ૧૪ ॥

॥ વિશ્રામ ॥ ૬ ॥

પછે વ્રજગોપી વદે ઉદ્ધવજી ચિત્ત ધરો,
તમે તો એમ કહ્યુ હરિ સભર ભરો ॥ ૧ ॥

ગી.

તારે કુણુ પીડા પામે કોણુ જનમે મરે,
એ તો કાંઈ અચરજ મોટુ સશય કેમ નિસરે ॥ ૨ ॥

તારે સે સુખ ન પામે જીવ સસારમા
શા માટે દુખમા ડુબે પ્રાણી ખાણય ચારમા ॥ ૩ ॥

વળી શ્રી કૃષ્ણ જેવા સર્વે સે નહિ,
ખરેખરી વાત કહો રોશ ધરશો નહી. ॥ ૪ ॥

અમારે અવર બીજુ ચિત્ત આવે નહિ,
સુદર સ્વરૂપ વિના મન ભાવે નહિ ॥ ૫ ॥

સરોવર સરિતા બહુ ભર્યા સઘલે સિધુ,
ચાત્રુક ચાય ન બોગે પિયે પડતુ બિદુ. ॥ ૬ ॥

સાગરમા છીપ રહે ઉડી એકાતસુ,
જરા જળ ભેદે નહિ પ્રિત ગીત સ્વાતસુ. ॥ ૭ ॥

જલ વિના દાદુર જીવે મીન જાયે મરિ,
પ્રાણ ગયે પ્રીત ન છુટે ટેક તેહની ખરિ ॥ ૮ ॥

એવી છે ટેક અમારે અબળા સાથને
તનમન સર્વે સોપું નટવર નાથને ॥ ૯ ॥

પ્રિત્યની રીત ન્યારી નથી તે પુરાણમા,
પ્રિછે કોઇ પ્રેમ સ્નેહી વીંધ્યા રસ બાણમા ॥ ૧૦ ॥

અમો એને વિયોગે સહુ સુના ફરુ,
મન તો મોહન પાસે સાધન શું કરું ॥ ૧૧ ॥

હતુ મન એક અમારે તે તો હરિયે હર્યું
ગયુ રસ રુપ માહે ફરી નવ નિસર્યું ॥ ૧૨ ॥

ઉધવજી પ્રેમની પીડા હશે તે જાણશે,
વિત્યા વિના વેદના કોઇ કેમ પરમાણશે ॥ ૧૩ ॥

॥ સાખી ॥

ઉધવ અમો દુખીયા કર્યાં, હિયો છબીલે છેહ,
પેલી પ્રીત વધારીને, પછે પરહર્યાં તેહ ॥ ૧૪ ॥
વિશ્વાસિને વાહાને ઘાત કરે કો કુણ
વળી વચન જે કાવીયુ, દાઝા ઉપર લુણ ॥ ૧૫ ॥

॥ વિશ્રામ ॥ ૭ ॥

ઉધવ આવડુ અમો પેલા તો નવ લહ્યુ,
કેને કહીયે સુખમા દાઝા મન સમજી રહ્યુ ॥ ૧ ॥
અમે લોક લાજ તજી એહને ભાવે ભજ્યા,
તોડ્યુ તરછોડી નાખ્યા તુછ કરી તજ્યા ॥ ૨ ॥
હવે હરિ શીદ આવે સગપણ શુ રહ્યુ,
મધુપુર રાજ્ય મળ્યુ વ્રજ વેરી થયુ ॥ ૩ ॥

સ. ગી.

૨૭

વળી વિશેષે મળી કંસ દાસી કુબ્જા,
તેહુનો તો સંગ કર્યો ભલા જુગમાં ભજ્યા ॥ ૪ ॥

નવા નવા ખ્યાલ કરી વૃજમાં ખેલતા,
આધી ક્ષણ અબલા કેરો સંગ ન મેલતા ॥ ૫ ॥

એક સમે ઝીલવા પેઠા હરિ હેરે પડયા,
ચતુરાનાં ચિર ચોરી જઇ કદમે ચડયા ॥ ૬ ॥

જોયું જ્યારે જુવતી જને દીઠા દીનાનાથને,
મનમાં લાજ આવી સહુ સખી સાથને. ॥ ૭ ॥

હરિ હસી બોલ્યા એવું આવ્યો દાવ અમતણો,
કેમ તમે નગ્ન નાયા દોષ ઉપજ્યો ઘણો ॥ ૮ ॥

વરુણ તરુણ તણી મર્જાદા નવગણી,
માટે અપરાધ પડયો અનીતિ એ ઘણી ॥ ૯ ॥

તમે સહુ જુવતિ જન જલથી નિસરો,
રવિને સામા રહી સોસો પ્રણામ કરો ॥ ૧૦ ॥

પછે પટકુલ આપુ પેરીને પરવરો,
વિનતાયે મન વિચાર્યું કૃષ્ન કહે તે કરો ॥ ૧૧ ॥

મનમા લાજ ધરિ સહુ જલથી નિસરિ,
સત પ્રણામ કરી સુરજ સામી સુંદરી. ॥ ૧૨ ॥

પછે સહુ અંબર આપ્યા અબલાયે અંગે ધર્યાં,
એહના ચરિત્ર એવા કહો કેહવા કર્યાં ॥ ૧૩ ॥

॥ સાખી ॥

અનેક ચરીત્ર છે એહના, કોય ના પામે પાર,
ગોકુલમા લીલા કરી, દિન બાવન વરસ અગીયાર ॥ ૧૫ ॥

વિવિધ વિઘનથી ઉગારીયા, વ્રજ જનને બહુવાર,
જે જે અસુર આવીયા, તેહનો કર્યો સંહાર ॥ ૧૬ ॥

॥ વિશ્રામ ॥ ૮ ॥

જમલા અર્જુન હુતા નંદજિના ચોકમા,
તેહનો ઉધ્ધાર કર્યો ગયા સુર લોકમા ॥ ૧ ॥

અગાસુર અસુર આવ્યો છાનો છુપિ રહ્યો,
મારગમા મુખ વિકાસી સર્વે ગળી ગયો ॥ ૨ ॥

પછે શ્રીકૃષ્ણે તેહને સારી શિક્ષા કરી,
સુખે સ્વર્ગ લોક ગયો નાવ્યો પાછો ફરી ॥ ૩ ॥

બગાસુર આવી બેઠો કહીયે તે નું મદને,
જીવન જલ પીવા ગયા ગળ્યા ગોવીંદને ॥ ૪ ॥

ઉદરમાથી અગ્નિ ઉઠી કેમ રાખી શકે,
ચાચગ્રહી ચિરિ નાખ્યો પડયો પૃથ્વી વિષે ॥ ૫ ॥

વછાસુર વૃષભ થઇ આવ્યો કપટે કરી,
તેના પગ સાહિ પછાડયો મુઠ ગયો મરી ॥ ૬ ॥

એકસમે વછરુ ચરાવે જમુના તીરમા,
ભાવે હરી ભોજન કરે સહુ અહીરમા ॥ ૭ ॥

એવે સમે અજ આવ્યા અતરિક્ષ ઉભા રહ્યા,
બાલ ચેષ્ટા જોઇને મન વિસ્મે થયા ॥ ૮ ॥

વિરચીયે મન વિચાર્યું વછ બધા હરુ,
પછી પ્રભુતાને લેવા ઇ ખોટુ ખરુ. ॥ ૯ ॥

મયાનો પડદો નાખી ગોપ કર્યા ગઉ,
આતુરમા જોવા આવ્યા હરીના સખા સઉ. ॥ ૧૦ ॥

બેસો વ્રજબાલક સહુ એવુ બોલ્યા હરિ,
મ ડળીની જુગતિ આવી નાવે પાછી ફરી ॥ ૧૧ ॥

એમ ફરી ચુપે ચાલ્યા કર ગેડી ગ્રહી,
જોયા ઘણુ જુક્ત કરિ વછ દીઠા નહિ ॥ ૧૨ ॥

જ્યારે વછ નજર નાવ્યા પ્રભુ પાછા ફર્યા,
માયાપટ ઉપર નાખી સરસા સહુ આવર્યા ॥ ૧૩ ॥

પછે મનમા વિચારી પાછા પેદા કર્યા,
વછ ને ગોવાળ સહુ રુપ તેવા વર્યા ॥ ૧૪ ॥

એમ બારમાસ વિત્યા બ્રહ્માયે ભાલિયુ,
ચતુર્ભુજ ગોવાલ સહુ એવુ જ્યારે નિહાળિયુ ॥ ૧૫ ॥

અજ આવી પાયે પડ્યા નેહ નદલાલને,
અમે તો સામર્થ્ય નહિ જોવા તમ ખ્યાલને ॥ ૧૬ ॥

અમો અભિમાનિ એગ તમને નવ લહ્યા,
હવે હરી ક્ષમા કરો જે જે આવીને થયા ॥ ૧૭ ॥

તમો તો કૃપાસિંધુ દયા કીજે મને,
કર જોડી વીનય કર્યો બહુ ચતુરાનને ॥ ૧૮ ॥

પછે પ્રભુ પ્રસન્ન થયા સંશય સહુના પરહર્યા,
અજ નિજ ધામ ગયા સુખ સૃષ્ટી કરો ॥ ૧૯ ॥

પછે ગુણ ગાન કરે રુપ રૂદે ધરી,
બ્રહ્મા બ્રહ્મ સદન ગયા ચિત્ત લિન્હા હરી. ॥ ૨૦ ॥

એવા કૃષ્ણ કરુણા સિંધુ અમો જે જાણીયે,
કહો કેમ અવર બીજુ ચિત્તમા આણીયે ॥ ૨૧ ॥

સ. ગી.

33

॥ સાખી ॥

ચિતવિત ચોર્યું અમતણુ, આપ્યુ સુખ અપાર
નિત નૌતમ લિલા કરી, વ્રજમા નદકુમાર ॥ ૨૨ ॥

કમળ નેણ શ્રીકૃષ્ણજી, કોટી કામ છબી અગ,
વિસાર્યા કેમ વિસરે, રૂદે લાગ્યો રગ ॥ ૨૩ ॥

॥ વિશ્રામ ॥ ૯ ॥

પછે વ્રજ વાસી સહુ ઈંદ્ર ઓછવ કરે,
મનમાં મઘવા કેરી સકુ શકા ધરે. ॥ ૧ ॥

ઘરડા ગોપ આવ્યા નદને બારણે,
સહુ સામગ્રી લાવ્યા પુજાને કારણે ॥ ૨ ॥

પ્રભુ નદ પાસે આવ્યા પુછે ઘણુ પ્રીતસુ,
કોહીની તમે પુજા કરો આવી રૂડી રીતસુ ॥ ૩ ॥

સ. ગી.
૩૪

નંદ કહે ઇંદ્ર કેરી સહુ સેવા કરે,
એના પ્રેર્યા પર્જન આવે મુખે સુરભિ ચરે ॥ ૪ ॥

પછે શ્રીકૃષ્ણ કહે સાંભળો તાતજી,
સુરપતિ શું કરે એમાં હરીને હાથજી ॥ ૫ ॥

સદા સમિપ રહે સંકટ કાપશે,
ગોવર્ધન ઓછવ કરો ઇચ્છા ફલ આપશે ॥ ૬ ॥

વ્રજ અને વાત માની કૃષ્ણ કહે તે ખરી,
સહુ ગીરી પાસે ગયા પ્રેમે પુજા કરી ॥ ૭ ॥

અનનો કોટ કર્યો સહુરીથી આણીરે.
પરવતે રૂપ પ્રકાશ્યુ જીવન જાણીને ॥ ૮ ॥

ઉપર સ્વરૂપ થયુ અષ્ટ ભુજ તણુ,
સહુ જને દર્શન કર્યું સુખ પામ્યા ઘણુ. ॥ ૯ ॥

સ. ૩૫ ગી.

સહસ્ત્ર ભુજ સાથે કાઢયા આરોગ્યા અનને,
પછે પ્રસાદ આપ્યો સહુ ગોપ જનને ॥ ૧૦ ॥

ગિરિ પુજી ઘેર વળ્યા ઉલટ અતિ ઘણો,
સુરપતિયે વાત જાણી ઓછવ ભાગ્યો આપણો, ॥ ૧૧ ॥

બારે તહા મેઘ બોલાવી ઇંદ્રે આજ્ઞા કરી,
જાવો જલ વૃષ્ટિ કરો વૃજપર આદરી ॥ ૧૨ ॥

ગગન ઘટા થઇ કરી ઘણી ગર્જના,
વ્યાકુલ લોક થયા સહુકો વૃજના ॥ ૧૩ ॥

હસ્તિ સમાન પડે બિંદુ મોટા બહુ,
ધાઇ પ્રભુ પાસે આવ્યા વ્રજવાસિ સહુ ॥ ૧૪ ॥

આતે હરિ શુ થયુ ઇંદ્રિ કોપ્યા સહી,
અતિ બહુ વૃષ્ટિ થશે જલનો પાર નહી ॥ ૧૫ ॥

ગોપના વચન સુણી વળતા વાહલો વદે,
એનુ અભિમાન ઉતારૂ એવુ વર્યું રૂદે ॥ ૧૬ ॥

ચાલો ગીરી પાસે જઇયે આપણને રાખશે,
આપણો ઇષ્ટ એ છે દરશન દાખશે. ॥ ૧૭ ॥

એમ કરી પ્રભુ ઉઠયા પ્રાણી સહુ પરવર્યા,
આવો ગિરી ઉંચો કીજે એવુ હરી ઉચર્યા ॥ ૧૮ ॥

એમ કહી કર અડાડયો, પર્વત પ્રગટ થયો,
ચોરાશી બ્રજ જન, સઉ ઢાકી રહ્યો ॥ ૧૯ ॥

ગોપી ગૌ ગ્વાલ સહુ સુખે લીલા કરે,
મલારમા મોરલી વાયે ગાયે ઉંચે સ્વરે ॥ ૨૦ ॥

તેમ અતિ વૃષ્ટિ કરી, સાત દાડા સહી,
પાણી પાસેર ન દિસે આચ લાગી નહી ॥ ૨૧ ॥

સ. ૩૭ ગી.

પર્જન પિડા પામ્યો પાછો ગગન ગયો,
સમાચાર સુરપતિને સહુ માંડી કહ્યો ॥ ૨૨ ॥

મઘવે મન વિચાર્યું આવિ વિને બહુ કર્યો,
હવે દુભ્યા હરી અનંતુ આચર્યો. ॥ ૨૩ ॥

હવે હરિ શરણે જવું કારજ સારશે,
કર્યાં હોય કોટી ગુન્હા દોષ નિવારશે ॥ ૨૪ ॥

પછી કામ દુર્ગા કેડે ઇંદ્ર ત્યાં આવિયો,
પ્રભુને પાયે પડયો ગદગદ કંઠે થયો. ॥ ૨૫ ॥

પુજા બહુ પેરે કીધી પ્રભુને જાણિને,
સુરપતિએ ચરણ ધોયા ગંગોદક આણિને ॥ ૨૬ ॥

અમો પ્રભુ ત્રિલું નહિ પ્રગટ તમતણું,
મારી મરજાદા જઇ લજ્યા પામ્યો ઘણું. ॥ ૨૭ ॥

ઇદ્રે બહુ સ્તવન કર્યું ત્યારે રીઝયા હરી,
મુસ્તક હસ્ત મુકયો કૃષ્ણે કરૂણા કરી ॥ ૨૮ ॥

ઇદ્ર નીજ ભવન ગયો ધ્યાન રૂદે વરી,
અમર આનદ પામ્યા કુસમ વૃષ્ટ કરી ॥ ૨૯ ॥

મઘવાનુ માન મોડયુ બચન કાપીયુ,
વૃજ આનદ વધાર્યો અતિ સુખ આપીયુ ॥ ૩૦ ॥

॥ સાખી ॥

સુખ આપ્યુ વૃજ સાથને નાથ દયાનિધિ જેહ
ગિરીવર વરી હરી મુગટવર વસો હ્રદામા તેહ. ॥ ૩૧ ॥

મહા મનોહર રસિકવર નાગર નદકિસોર,
પ્રેમ સ્નેહી સાભગો વ્રજ વિનના ચિતચોર. ॥ ૩૨ ॥

॥ વિશ્રામ ॥ ૧૦ ॥

ઉત્રવ હરી એક સમે રમે ગેડી દડે,
પોતાની ઇચ્છા થકી ગેદ જમુના પડે. ॥ ૧ ॥
કાલિદ્રીના આરો એવો દેખી સઉકો ડગે,
માહે થકી ઝેરતણી જ્વાળા અતિ નીસરે. ॥ ૨ ॥
જોઇને કુદમ કેરે વંઇ ફુમે ચડયા,
નિર ગભીર ગાજે પ્રભુ તેહમા પડયા. ॥ ૩ ॥
વૃજમા વાત એવી શ્રવણે સાભળી,
માનુની મહા દુખ પામી સહુ ધરણે ઢળી. ॥ ૪ ॥
જસોદા નદજીયે કલ્પના બહુ કરી,
સુધબુધ શરીર કેરી સર્વે વિસરી. ॥ ૫ ॥
તારણી ટોળે મળી આવી તે ઘાટમા,
અબળા રુદન કરે અતિ ઉચાટમા ॥ ૬ ॥

ગા ગોપિ ગ્વાલ સહુ અન્ન જલં પરહર્યાં,
તન ત્યાગ કરીશુ એવુ પણ આચર્યાં ॥ ૭ ॥

પછે પાતાળ માહી વાસે વાહી વાસળી,
સહુને સાતા થઇ પીડા તારે ટળી ॥ ૮ ॥

નટવર નાગને જીતી ઉપર આવિયા,
કાળીને કુષ્ણઅહી બારણે લાવીયા ॥ ૯ ॥

જમના તણે પટે પલગને પાથર્યો,
ઉપર આનદ માહે ટાડવ નાચ કર્યો ॥ ૧૦ ॥

પદને પરસે કરી વિખ સર્વે ગયુ,
અતર નેત્ર ખોલ્યા જ્ઞાન ઘટમા થયુ ॥ ૧૧ ॥

અહો મહા ભાગ્ય મારૂ મુખે કરી શુ કહુ,
હુતો ઘણુ પતિત પ્રાણી મહિમા નવ કહુ ॥ ૧૨ ॥

તેણે તહાં સ્તવન કર્યું બહુ પ્રીતે કરી,
જથારથ જાણી લીધા જેવા હતા હરિ. ॥ ૧૩ ॥

સિંધુ સુતા સેવે સદા ઉપર લેઇને,
તે તો ક્ષણુ એક ન મેલે શ્યામ શરિરને ॥ ૧૪ ॥

એવા પદ કોમળ કહી એ મ્હારે પુસ્તક વર્યાં,
જેને મુનિ નિત્ય ધ્યાનમા ધ્યાએ અતિ ભાવે ભર્યાં ॥ ૧૫ ॥

એવી બહુ સ્તુતી કરી રીઝયા રૂદે હરી,
તેહને અભેદાન આપ્યુ બહુ કરૂણા કરી ॥ ૧૬ ॥

પછે તેહને આજ્ઞા આપી મુખે એહવુ ભણ્યું,
હવે જા જમુના થકી બેટ સાગર તણે. ॥ ૧૭ ॥

ગરૂડનો ભય નિવાર્યો જા હવે નહિ નડે,
નાગને નિર્ભે કર્યો ચરણ પ્રતાપ વડે ॥ ૧૮ ॥

પછી પરિવાર લેઇ પનગ તે પરવર્યો
જમુના જલ નિર્મળ કર્યું ત્યાથી નાગ નિસર્યો. ॥ ૧૯ ॥

પ્રાણિઓ આનદ પામ્યા નિરખ્યા નાથને,
આવી હરી ભાવે ભેટયા સહુ વ્રજ સાથને. ॥ ૨૦ ॥

અતિ બલ અકલ એમા હરિ હરદે વસ્યા,
કહો કેમ ગોઠે બીજા અવર ઉપાય કશા. ॥ ૨૧ ॥

॥ સાખી ॥

અવર મન ગોઠે ચિતમા જો કરે કોટી ઉપાય,
રૂદે કમળમા રમી રહયો સદા રસિક યદુરાય ॥ ૨૨ ॥

નદ નદનસુ નેહ અતિ નિમેખ ન વિસરે તેહ,
નેન ચકોર વત સુદરિ ચદ ચતુર વર એહ ॥ ૨૩ ॥

॥ વિશ્રામ ॥ ૧૧ ॥

ઉધવજી ચિત્ત અમારૂં એણે ચોર્યું સહી,
એહના સ્વરૂપ વિના બીજુ ગોઠે નહિ ॥ ૧ ॥

એક સમે સુરભિ જોવા નંદજી નિસર્યાં.
હરીજીયે રૂદન કર્યું પુંઠળ પરવર્યાં ॥ ૨ ॥

આનંદ કુંજમા આવ્યા શોભા દિસે ઘણી,
તહા વ્રખુભાન સુતા આવ્યા એ વન ભણી ॥ ૩ ॥

નંદની પાસે દીઠા કુંવર કોડામણો,
રંગ રંગ અનંગ છબી સાગર શોભાતણો. ॥ ૪ ॥

રસ બસ રીઝી રહ્યા અન્યોઅન્ય જોઇને,
રૂપ ગુણ લક્ષણ પુરણ રહ્યા મન મોહીને ॥ ૫ ॥

એવે થઇ આભ ઘટા ચમકે દામની,
નદજીએ પાસે બોલાવી ભાવે કુંગી ભામની. ॥ ૬ ॥

લાડડી જાવો, તમો લાલને લેઇને,
અમારે ભુવન સોપો શ્યામ સ્નેહીને ॥ ૭ ॥

તમ સુત તેડી જાઉ આનદસુ અમો,
સશય તમે શિદને કરો સુખે જાઓ તમો. ॥ ૮ ॥

હરિને હાથે ગ્રહી હિડી ગજગામની,
મનમા ભાવ ધર્યો ભેટ્યાનો ભામની ॥ ૯ ॥

અલૌકિક કુંડ આવી ફર્યા તરૂ તે ઘણું,
પ્રભુએ રૂપ પ્રકાશ્યુ પ્રેમે પોતા તણું. ॥ ૧૦ ॥

અબળા આનદ પામિ જઇ ચરણે નમી,
મનોરથ મનના થયા શામા સુખમા રમી. ॥ ૧૧ ॥

એવી લીલા અકળ એની તારૂણીએ તે લઇ,
સુર સખ જે જે બોલે પુષ્પ વૃષ્ટી થઇ ॥ ૧૨ ॥
એવુ સુખ અમને આપ્યુ કહો કેને હશે,
તે તો હરિ જોઇશુ જયારે સુખ સાતા થશે ॥ ૧૩ ॥

॥ સાખી ॥

સુખ સાતા ત્યારે થશે જ્યારે જોઇશુ નાથ,
અમો સહુ સુના ફરૂ પ્રાણ પ્રભુને હાથ. ॥ ૧૪ ॥
ઉદ્ધવ એ તમો જાણશો કેમ જુવે જુવતી એહ,
આયાની આશા કરી રહી હમારી દેહ. ॥ ૧૫ ॥

॥ વિશ્રામ ॥ ૧૨ ॥

એહના બહુ બાલ ચરિત્ર સહુ ચતુરા કહે,
બીજાએ તે અકલ કળા સહુ મોટા કહે ॥ ૧ ॥

સ.

૪૬

જ વિચિત્રલીલા જીવને જે કરી,
તે તો અમો અમળા જાણુ રહ્યા રૂદે ધરી ॥ ૨ ॥

નિત નિત નવલ નેહે આગણીએ આવતા,
મનોહર મોરલી વાના ભીતર ભાવતા ॥ ૩ ॥

સંધ્યા સમે સાદ દેતા સુરભિ દોહીને,
વાણામા વાટ જોતા વલોણુ વલોઇને. ॥ ૪ ॥

માખણમા સાખર રાખી આરોગવા આપતા,
સાસુડી નણદી આદિ સહુ સતાપતા. ॥ ૫ ॥

દુરીજન લોક લરે સડુ તે સાખતા,
મનમા સમજી રેતા મુખે નવ ભાખતાં ॥ ૬ ॥

મહિ વેચવાને મસે વેગે વનમા જતા,
વાલાનુ વદન જોવા મન વ્યાકુળ થતા ॥ ૭ ॥

ગી.

દધીનુ દાણ લેવાં મારગમા રોકતા,
રસની રાડ રચે વાલો વૃજયોષિતા. ॥ ૮ ॥

ગોપીનુ ગોરસ પીવા પ્રપચ આદરે,
માનુનીનુ મુખ જોવા ઘુઘટ પરો કરે. ॥ ૯ ॥

અરે તારી સુરત સાદી મકી મીઠુ હશે.
અમને આપશો જ્યારે કારજ તો થશે. ॥ ૧૦ ॥

કાને કઠે હાર આપે કુસુમ કેશ કરી,
નયણા કટાક્ષ માહી તનમન લે હરી ॥ ૧૧ ॥

પછી નાર પ્રસન્ન થઈ દધી પાય પ્રીતસુ.
હાસ્ય વિનોદસુ થયા એવા રસ રીતસુ ॥ ૧૨ ॥

અમને લાડ લડાવ્યા આનદના ઓઘમા,
કહો કેમ મન પ્રતીતે તમારા જોગમા. ॥ ૧૩ ॥

॥ સાખી ॥

જોગ જુગત જોગી કરે, જેણે મન વશ્ય થાય,
મન મોહનસુ મળી રહ્યુ, તેણે જોગ કર્યે કેમ જાય ॥ ૧૪ ॥

અમો રૂપ નિશ્ચે કર્યું, અરૂપ ન આવે ચિત્ત,
દીઠુ તે દલમા વસ્યુ, અણદીઠે શી પ્રીત. ॥ ૧૫ ॥

॥ વિશ્રામ ॥ ૧૩ ॥

એક સમે ધેન ચરાવે કૃષ્ણ બળ ભ્રાતજી,
જમુના તીરે આવ્યા સખા સહુ સાથજી. ॥ ૧ ॥

તરુતણી શીતળ છાયા, સુદર સોહામણી,
કૃષ્ણ બળદેવ બેઠા, ત્રટ જમના તણી. ॥ ૨ ॥

હરી મુખ ઉચર્યા એવુ ભોજન ઇચ્છા થઇ,
મુનીના યજ્ઞમાથી અન્ન લાવો જઇ. ॥ ૩ ॥

સ. ગી.

૪૯

આપણુ નામ લેજો ઘણુ અન્ન આપશે,
તમારા વચન તે તો સ્થિર કરી સ્થાપશે. ॥ ૪ ॥

એહવી હરી આજ્ઞા કરી સખા સહુ પરવર્યા,
વેદ ધુન વિપ્ર કરે આવી ત્યા ઉભા રહ્યા. ॥ ૫ ॥

અમને અન્ન સારૂ મોહને મોકલ્યા,
કૃષ્ણ બળદેવ તે તો જમુના તટ રહ્યા ॥ ૬ ॥

સાભળી સર્વે બીના અમને એ નહી ગમે,
તમે તો શુદ્ર શાને, આવ્યા એણે સમ ॥ ૭ ॥

હજુ દ્વીજ જમ્યા નથી, સહુ દોગે મળી,
તમને અન્ન કયાથી જાઓ પાછા વળી. ॥ ૮ ॥

પાડવના વચન સુણી ગોપ પાછા વળ્યા,
આવ્યા શ્રી કૃષ્ણ કને મન રીસ બળ્યા. ॥ ૯ ॥

કૃષ્ણ કહે રીસ શેની જ્યારે આવ્યુ જાચવા,
સહુના શબ્દ સુણી, રહ્યા મા રાખવા ॥ ૧૦ ॥

જાઓ ઋષી પત્ની પાસે આપણને ઓળખે,
તે તો અન્ન આપશે સહી, નહી રાખી શકે. ॥ ૧૧ ॥

સખા એક ચુપે ચાલ્યો જઈ સંભળાવીયુ,
જીવન જમુના કાંઠે, અન્ન મંગાવીયુ ॥ ૧૨ ॥

અબળા ઉઠી ધાઈ સર્વે સુંદરી,
લીલા શાક પાક સહુ બહુ ભોજન ભરી ॥ ૧૩ ॥

જુવતી જાતા જાણી, કંથ આડો ફર્યો,
ક્યેમ નંદ ગોવાલ સાથે, નેહ નવો કર્યો ॥ ૧૪ ॥

પ્રથમ પરણી કેને, વાત સાચી કહે,
નીશ્ચે તુને નહીં જાવા દેઉ, ઇહા ઉભી રહે ॥ ૧૫ ॥

વિષ્ણુને લાત મારી એવા મોટા અમો,
એવુ કુળ ઉચુ અમારૂ તેને તજશો તમો. ॥ ૧૬ ॥

અબળા કહે ઉચપણુ, ઘડયુ જેણે દેહ તણુ,
પછે અધમ થઇ, દુખ પામે ઘણુ ॥ ૧૭ ॥

ભૃગુજીએ લાત મારી ભલપણુ શુ થયુ,
તમને ભીખ મગાવી, હરીનુ શુ ગયુ ॥ ૧૮ ॥

માટે અભીમાન મુકો સ્વામી શરીરનુ,
દર્શન કરવા દીજે મુને જદુવીરનુ ॥ ૧૯ ॥

પતિને હાથ જોડી પાયે પડે પ્રેમદા,
પીછડા પાલવ મુકો મને થાએ આપદા ॥ ૨૦ ॥

માનુનીએ મન વિચાર્યુ હવે કેમ કીજીએ,
પ્રભુજી પ્રાણ હમારા તાણિને લીજિયે ॥ ૨૧ ॥

એમ કહી હસ્ત આપ્યો પતિના હાથમા,
તનનો ત્યાગ કરી ગઇ સખીના સાથમા ॥ ૨૨ ॥

સર્વે વેલી પહોચી પ્રભુ પાસે ગઇ,
હાથે હરીને જગાડે બોજી વીસ્મય થઇ ॥ ૨૩ ॥

સુંદરી સર્વે આવી આપ્યુ અન્ન આણિને,
નેણ ભરીને નિહાળ્યા જીવન જાણીને ॥ ૨૪ ॥

ભાવે ભોજન કરાવ્યુ પુરણ પ્રીતસુ,
પ્રભુજી પ્રસન્ન થયા, જોઈ રસ રીતસુ ॥ ૨૫ ॥

પ્રેમદાનો પ્રેમ જોઈ હરખ ઘણો નાથને,
અભે પદ હરીએ આપ્યુ અબળા સાથને. ॥ ૨૬ ॥

તમ પતી તમને નમે એ તો અમને ગમ્યુ,
ચતુર ચીત્ત તમારૂ અમ ચરણુ રમ્યુ ॥ ૨૭ ॥

એવા હરી દયા સિંધુ દયા કરો દાસને,
અમે તો વળગી રહ્યા એમના વિશ્વાસને ॥ ૨૮ ॥

॥ સાખી ॥

વિશ્વાસે વળગી રહ્યા, ઉદ્ધવ અમો નિરધાર
એક નિમષ ન વીસરે, નિર્મળ નંદ કુમાર ॥ ૨૯ ॥
અમો અબળાનો આધાર એ, ગોપીવર ગ્રંથ ગવાય,
નિરગુ નોતુ ને હતુ તે તોડયુ કેમ જાય ॥ ૩૦ ॥

॥ વિશ્રામ ॥ ૧૪ ॥

ઉદ્ધવ એક સમે ચાલ્યા હતા વ્રજમા
શરદની રજની રૂડી વીચાર્યું મનમા ॥ ૧ ॥
મોહને મોરલી વાહી અતિ આનંદમા,
વેદ ગુણ ગાન કર્યું છબીલે છંદમા ॥ ૨ ॥

થંભ્યા જળ જમુના કેરા મુકા તરૂ ફુલિયા,
ખગ મૃગ મીન મહા સુંદર ભુલીયા ॥ ૩ ॥

પ્રેમે પાષાણ ગળ્યા પાણી થઇને વહ્યા,
જંગમ જડ રૂપે થાવર ચૈતન્ય થયા ॥ ૪ ॥

એવી અલબેલે વહાલે વાહી જ્યારે વાંસળી,
સુંદરી સર્વે સુણી શુદ્ધ તનની ટળી. ॥ ૫ ॥

ઉલટા અંગ ધર્યાં આભુષણ ભામની,
તન મન ભુલી ગોપી ગોકુળ ગામની ॥ ૬ ॥

અવળા અંબર ઓઢયા ઉઠિ વાહ ચોપમા,
મન તો જઇને ખુત્યુ સુંદર સ્વરૂપમા ॥ ૭ ॥

પછે પરીવાર તજ્યા નારી સહુ નિસરી,
સદન સામુ ન જોયુ કોણે પાછુ ફરી ॥ ૮ ॥

જુવતી જુથ મળી વસમસ વાય છે
નેપુર કંકણ કેરી શબ્દ ધુન થાય છે. ॥ ૯ ॥

વૃંદ્રાવન વેગે આવિ સર્વે સુંદરી
નટવર નાગર હરિ નિહાળ્યા નેણ ભરી. ॥ ૧૦ ॥

સનમુખ શીષ નામિ સહુ ઉભી રહી,
અબળા પ્રત્યે એમ વાહલે વાણી કહી ॥ ૧૧ ॥

કહો ક્યમ અર્ધ નિશા આવ્યા સહુ સુંદરી,
માનુની ભુવન તજી ધાયા શુ ચિંતે વરી ॥ ૧૨ ॥

નિજપતી પૂછશે જ્યારે કહેશો શુ કામની,
જુવતિ જામ જુગ વિતિ ગઇ જામની. ॥ ૧૩ ॥

પતિવૃતા ધર્મ પાળો પોતાનો પ્રેમદા,
મારૂ કહ્યુ માનુની માનો સુખ થાશે સદા ॥ ૧૪ ॥

સ. પદ ગી

લાજ મરજાદ ન આણી તમો કાંઇ તારૂણી,
વેદમા વાત નિંદી પ્રીત પર નર તણી. ॥ ૧૫ ॥
વાલાના વચન એવા શ્રવણે સાંભળી,
મનની વિરજ ટળી સહુ તનુ ટળી ॥ ૧૬ ॥
ગદગદ કંઠે ગોપી એવુ મુખ ઓચરે,
વિંધાયા વચન બાણે પીડા પૂરી કરે ॥ ૧૭ ॥
પડશે પડ અમારો પ્રાણ નિશ્ચય જશે,
રસિયા રાસ રમાડો સુખ યારે ગગે ॥ ૧૮ ॥

॥ સાખી ॥

વચન સુણી વ્રજનારના પ્રભુજી થયા પ્રસન્ન,
રાસ રમાડુ રંગમા તમને જુવતીજન ॥ ૧૯ ॥
પાસે તેડી તારૂણી આપ્યુ આદરમાન
અધર મધુર વડી મોરલી કર્યું રશીયે ત્યા ગાન ॥ ૨૦ ॥

॥ વિશ્રામ ॥ ૧૫ ॥

રસિયે રાસ રચ્યો રમવા રગમા,
વિવિધ વપુ ધર્યાં વૃજ વધુ સગમા. ॥ ૧ ॥

એવી અદ્દભુત લીલા રચિ ભુતળ વિષે,
ઇદુ આકાશ થભ્યો ચાલી નવ શકે. ॥ ૨ ॥

સખી સુખ સાગરમાંહિ ઝીલે રસ મગ્ન થઇ,
એવે અભિમાન આવ્યુ અબળાને મનમાહી. ॥ ૩ ॥

માનુનીના મનમા હતુ તે તો જાણ્યુ હરી,
અતર ધ્યાન થયા સગે એક સુદરી. ॥ ૪ ॥

ગોપિ સહુ વ્યાકુળ થઇ દીઠા નહિ નાથને,
અતિ દુ ખ પ્રગટ્યુ ગેહ સુદરી સાથને. ॥ ૫ ॥

વાઇ કુમવેલને પૃછે કૃશ્ન દીઠા કહિ,
મારા મમ મન બોલીને બોલ સાચુ સહી ॥ ૬ ॥

સ. પ૮

પ્રેમદા પસે જઇ પૂછે મૃગ મોરને,
કહો હરિ દીઠા તમો નંદ કિશોરને. ॥ ૭ ॥

ચતુરા ચંદ્ર પ્રત્યે કહે પૂછું તુને,
હરી કહા દીઠા હોયે તો તું દેખાડ મુને. ॥ ૮ ॥

વનિતા વ્યાકુળ થઇ સર્વે સુંદરી,
વિપિને ઘરે નાહિ ઘડી આવી ફરી ॥ ૯ ॥

જુવતિએ જોઇ કહાડયા પગલા પ્રભુતણા,
જોને સખી ચેન એના જાય છે બેઉ જણા ॥ ૧૦ ॥

માનુનીને માન આવ્યું સહુથી અધિક અમો,
હરી શું હાસ્ય કીધું મુને તેડી તમો ॥ ૧૧ ॥

તારૂણીને તેડી ચાલ્યા તરુવર આવિયું,
પ્રેમદાને પુષ્પ લેવા એવું મન ભાવિયું ॥ ૧૨ ॥

ગી.

તરૂવર ડાલ ચઢી તારૂણીએ તે પછી,
ત્યાંહા ટરલતી મેલી હરી ગયા ખસી. ॥ ૧૩ ॥

રહી તહા રૂદન કરે મનમા લાજતિ,
અબળા સહુ તહાં આવી વહે દુખ દાઝતિ. ॥ ૧૪ ॥

તરૂવર ડાળ દીઠી અબળા એકલી,
જુવતી હસવા લાગી પ્રીત નારે ભલી. ॥ ૧૫ ॥

પછે ઉતારી તેને કપડા ત્યારે ટળી,
જમુના તીર આવી સહુ રોગે મળી. ॥ ૧૬ ॥

વળી ઉપાય રચ્યો પ્રભુ આવ્યા તણો,
પ્રીત્યે હરી પ્રગટ થશે સ્વરૂપ એનુ બણો ॥ ૧૭ ॥

એક હરી વેશ રચ્યો છબી નંદલાલ તણી,
એક પુતના થઇ આવી તેહને મિથ્યા હણી ॥ ૧૮ ॥

એક જસોદા થઇને બાંધ્યા હરી સાઇને,
થઇ એક જમલાર્જુન તાર્યા તેહને ત્યાંઇને ॥ ૧૯ ॥

એક થઇ નટવર રૂપે ગિરિવર ધારિયો,
એક મલ રૂપ થઇ કંસને મારીયો ॥ ૨૦ ॥

એહવા અપાર ચરીત્ર કર્યાં રસ રિતસુ,
એહવુ જોઇ હસીયા હરી પ્રગટયા પ્રીતમુ ॥ ૨૧ ॥

સુંદરી સુખ પામી જોઇ મુખ ચંદને,
લોચન પ્રેફુલ્લીત અંબુજ આપે આનંદને ॥ ૨૨ ॥

વેણુ ધરિ અંધર ઉપર કોટ કળા કામનિ,
પીતાબર અંગ ધાર્યાં દિસે ઘન દામની ॥ ૨૩ ॥

મુગટ શિશ સોહે સુંદર શોભા ઘણી,
કાને કુંડળ ઝલકે જોરે છબી તે તણી ॥ ૨૪ ॥

એહવુ સુંદર સ્વરૂપ હરીનુ અભિનવુ,
સુખ બહુ તે સમાનુ કેમ જાય વરણવ્યુ ॥ ૨૫ ॥
ફરીને રાસ રચ્યો પુરણ પ્રીતસુ,
અબલાની આશા પુરી એવી રસ રીતસુ ॥ ૨૬ ॥
પાયો રસ પ્રેમ પ્રીતે વાલે વૃજનારને,
માટે અમો મોહી રહ્યા નંદ કુમારને. ॥ ૨૭ ॥
અમારો રસિયો વાલો વસિ રહે રહ્યો,
અમારા મનમા વશ્યા તે તો તમને કહ્યો ॥ ૨૮ ॥

॥ સાખી ॥

ઉધ્ધવ અમારે મનતણો, કહ્યો તમ પ્રત્યે તેહ,
મનસા વાચા કરમણા, નંદ નંદનસુ નેહ. ॥ ૨૯ ॥
તે તો જરા ન ઉતરે ચડો ચોલનો રંગ,
નેણ બાણ શ્રીકૃષ્ણના ભેદ્યા અંગોઅંગ. ॥ ૩૦ ॥

॥ વિશ્રામ ॥ ૧૬ ॥

ઉધવ એહવા હરી કહો કેમ વિસરે,
જીવન જોયા વિના પ્રાણ તો નિસરે. ॥ ૧ ॥
વિયોગે રોગ તણી પીડા બહુ થાય છે.
પ્રભુવિના પલક તે તો કઇ જુગ જાય છે ॥ ૨ ॥
ઉધવ સગી તમારે દુખ દીધું ઘણું,
પેલા અમો પ્રોછયા નહી પ્રભુનુ કોમળપણું ॥ ૩ ॥
ઘણી ઘણી ઘાત એહણે અમ સાથે કરી,
હવે મથુરા જઇને બેઠા શિશ છત્ર ધરી ॥ ૪ ॥
અમે આહીરડા એહવા મન ગમ્યા નહી,
લાજે ગોકુલ નાવે એહવું ચિતમા સહી. ॥ ૫ ॥
આહીં કાઝી કામળી ઓઢી દુખ પામ્યા હશે
હવે હરી હેમ વસન ધરિ તહાં સુખીયા હશે ॥ ૬ ॥

શામળીયો શીદને આવે રિસ રૂદે થશે,
વાલાજીને વ્રજમા બીજુ કોણ વાલુ હશે ॥ ૭ ॥

એહના માત તાત માટે તમને મોકલ્યા,
અમારા કોણ સભારે ગુણ ભુડા ભાલા. ॥ ૮ ॥

પેલી બહુ પ્રીત કરી દ્વાર ન મુકતા,
હવે તો હેત ઉતાર્યું ફરી નથી ઢુકતા ॥ ૯ ॥

એહવે એક આવ્યો મધુકર ચતુરાને ચરણે નમ્યો,
તેહને તુછકાર કર્યો અલી શીદને ભમ્યો ॥ ૧૦ ॥

તારી વન વેલૂ મુકી મન વ્યાકુલ કરે,
કાળા હોય કુડે ભર્યા તેહનો સગ શું કરે. ॥ ૧૧ ॥

કાળાનો સગ કર્યો દુખ પામ્યા ઘણુ,
કાળાનુ વીખ વલે નહી કારણ કાળાતણુ ॥ ૧૨ ॥

અમને અરત્ર કરી કૃષ્ણ મથુરા ગયા,
મનમા મેર ન આવી દીન ઝાઝા થયા ॥ ૧૩ ॥
ઉધ્ધવ એટલુ કહેજો અમારી વતી,
ઘણી ઘણી અરજ કરી વળી તમારી વતી ॥ ૧૪ ॥
તમારૂ રૂપ જોવાને એ તલપી રહ્યા,
જીભાયે જશ ગાઇને ઘણુ ઘેલા થયા. ॥ ૧૫ ॥
શ્રવણે સુણવા શબ્દ ઘણુ ઘણુ ચાહે છે,
હસ્ત હરિ સેવા કરવા અતિ અકળાય છે ॥ ૧૬ ॥
તન મન તમને સોપ્યુ રહ્યા પણ રોઇને,
હરિવિના અવર બીજુ ગમે નહિ ગોરિને ॥ ૧૭ ॥

॥ સાખી ॥

તમવિના અવર ગમે નહિ ગોપિને ગોવિંદ,
ભાવ કરીને ભેટીયે ઉપજે અતિ આનંદ. ॥ ૧૮ ॥

મોર મુગટ મસ્તક ધર્યો કુંડલ ઉર વર માળ,
અમને દરસન દિજીયે નટવર રૂપ વિશાળ. ॥ ૧૯ ॥

॥ વિશ્રામ ॥ ૧૭ ॥

એક સમે રજની ઘણી નંદ નાવા ગયા,
વરૂણ જળ નહાતાં તેણે નંદ ગાઢ ગ્રહ્યા ॥ ૧ ॥
કેડે શ્રીકૃષ્ણ ગયા છોડાવ્યા નંદને,
વરૂણે પ્રેમે પ્રીતે પુજ્યા ગોવિંદને ॥ ૨ ॥
નંદે તે નજરે દીઠું હવે પૂજુ હું હરી,
પુત્રનોયે પ્રભુ એ તો વાત નિશ્ચે કરી ॥ ૩ ॥
યહાં થકી ઉઠ્યા જ્યારે બારણે આવિયા,
મોહને માયા પ્રેરી ભાવ ભુલી ગયા ॥ ૪ ॥
એહવા અપાર ચરિત્ર અમો દિઠા સહી,
માટે પ્રિત અચલ એશુ ટાળી તે ટળે નહિ ॥ ૫ ॥
ગોપિની પ્રેમ કથા ઉધ્ધવે સાભળી,
જરા અભિમાન હતુ તે તો ગયુ ગળી ॥ ૬ ॥

સ. ગી.

૬૬

અહો મહા ભાગ્ય ગોપિ પરમ ક્રીપા હરિ,
ધન્ય ધન્ય વ્રિજ તમારી સર્વે સુંદરી. ॥ ૭ ॥
તારૂણી ટેક તમારી સર્વેથી સાર છે.
સુંદર સ્વરૂપ સાથે નેહ નીરધાર છે ॥ ૮ ॥
ઉધવ કહે અબળા તમો ઘણા ગુણવંત છો,
પ્રીતે પ્રવિણ પુરા સઉ સાવધાન છો, ॥ ૯ ॥
પ્રેમ કટાક્ષ કરી વશ કર્યા નાથને,
સદા છે પ્રસન્ન હરિ સઉ વૃજ સાથને, ॥ ૧૦ ॥
કૃતારથ અમો થયા ગોકુળ આવતે,
અલોકિક લાભ હુઓ તમ દરશન થતે. ॥ ૧૧ ॥
વૃંદાવન વૃક્ષ વેલી સહુ રસરૂપ છે,
કારણ કેઇ ન જાણે કૃષ્ણ સ્વરૂપ છે. ॥ ૧૨ ॥
ઉધવ કહે આજ્ઞા આપો સર્વે સુંદરિ,
મધુપુર જાવા માટે મન ઇચ્છા ધરિ. ॥ ૧૩ ॥
પછે વૃજનાર વદે ઉધવજી આવજો,
એકવાર અલબેલો તેડી અમ પાસે લાવજો ॥ ૧૪ ॥

પછે નદ જશોદાજીએ કર જોડી કહ્યુ,
હવે હરી મલવા મારે મન ચચલ થયુ ॥ ૧૫ ॥
પછે જસોદાજી બોલ્યા ઉધવ સાભળો,
બહુ દિન થયા દિઠા નથિ સકરષણ સામલો ॥ ૧૬ ॥
મારે મન ઇછા એહવિ કુવર કેહવા હશે,
જુગલ સુત જોઇશુ જારે સુખ સાંના થશે. ॥ ૧૭ ॥
એક વાર મારિ બાના મુખમા નિહાલિયુ,
ત્રણ તહા ભોવન દિઠા અચરજ ભાલિયુ ॥ ૧૮ ॥
ઇદ્ર રવિ ચદ્ર તાળ અજ ઉમિયાપતિ,
નવખડ મુખમાં નિહાલા એહવિ એહનિ ગતિ ॥ ૧૯ ॥
પછે પ્રણામ કરિ ઉધવ ઓચરે,
તમારા ભાગ્ય ભલા સાઉ કિરતિ કરે ॥ ૨૦ ॥
જસ જુગમા ફેલિ ચતુરદસ લોકમા,
ભકત આનદ પામ્યા પાપિ પડયા સોકમા ॥ ૨૧ ॥

॥ સાખી ॥

અસુર પડયા શોકમા સુખ પામ્યા બહુ સત,
પ્રગટ પુરણ બ્રહ્મનુ ભક્તવચ્છલ ભગવત ॥ ૨૨ ॥

ભુમિ ભાર ઉતારના દુષ્ટ તણુ સિર કાલ.
સુખદાયક સાધુ સતને પ્રભુ પુરણ પ્રેમ દયાળ ॥ ૨૩ ॥

॥ વિશ્રામ ॥ ૧૮ ॥

ઉધવ આજ્ઞા માગિ ઉઠયા આનંદમા,
જઇ નિજ રથે બેઠા મન ગોવિંદમા. ॥ ૧ ॥
ઉધવને અબલા સહુ કરે આ વિનતી,
વાલાજીને વિનયે કરી કહેજો ઘણિ વિનતિ ॥ ૨ ॥
વિવેક જ્ઞાને તમો ઘણાં ગુણવંત છો,
તમારો મહિમા મોટો સિરોમણી સંત છો. ॥ ૩ ॥
તમારા દર્શન થકી દુક્રૃત સહુ ટળે,
તમારી કૃપા જેહને કૃષ્ન તેહને મલે ॥ ૪ ॥
ઉધવ કહે અબલા તમો આનંદ રૂપ છો.
ત્રિલોકમા તારૂણી તમો પરમ અનુપ છો, ॥ ૫ ॥
વૃજ રજ ઉધવ વંદે નિંદ નિજ દેહને,
ધન્ય ધન્ય દ્રુમ વેલી કૃપા ઘણિ એહને ॥ ૬ ॥

ગોપિની ચરણ રેણુ ઉણુ ઉડિ લાગે અંગને,
તેણુ કિરતાર્થ કહીયે પામ્યા સત્સંગને ॥ ૭ ॥
ઉધવે સીસ નમાવ્યુ ગોકુળ ગામને,
હરીનુ રમણ જાણિ નમ્યા તે ઠામને. ॥ ૮ ॥
પછે પોતે પથે પળીયા રૂદ રંગ છાય છે,
વસુધા વૃજનિ જોતાં આનંદ થાય છે. ॥ ૯ ॥
ઉધવજી ઉલટ ભરી મધુપુર આવિયા,
જઇ હરી ચરણે નમ્યા ભિદર ભાવિયા, ॥ ૧૦ ॥
ગોપિનિ પ્રેમકથા સહુ માંડી કહી,
ધન્યધન્ય જુવતિજન રસમા છાકિ રહિ. ॥ ૧૧ ॥
જસ વૃજ જુવતિ કેરો જીભાયે શુ કહુ,
મંદમતિ મારી માટે મહિમા નવ લહુ. ॥ ૧૨ ॥
એહુવી કૃપા કરશો કયારે મુજપર નાથજી,
અખંડ એક વૃતિ સદા તમ સાથજી ॥ ૧૩ ॥
કૃષ્ણ વિના નજરે નાવે એવી દશા એમની
સમોવડ કોણ કરે સિમા રસ પ્રેમની ॥ ૧૪ ॥

॥ સાખી ॥

સમોવડ કોણ કરે એહુવિ વૃજનાર છે,
એક ટેક શ્રીકૃષ્ણ સાથે પ્રેમ પ્રિત્ય અપાર છે ॥ ૧૫ ॥
હરિ વિયોગે શરિર મુકે પુષ્ટ થાયે હરી જોઈને,
ઉધવ કહે તેહને દરશન દીજીયે રહ્યા ચરણ ચિત પ્રોઈને

॥ વિશ્રામ ॥ ૧૯ ॥

પછે શ્રી કૃષ્ણ કહે જથારથ જાણજો,
ઉધવજી વચન અમરા સત્ય પ્રમાણજો ॥ ૧ ॥
મારૂ નિજ સ્વરૂપ તે તો વૃંદાવનમા ફરે,
વૃજજન વિહાર લીલા નિત્ય નવલી કરે ॥ ૨ ॥
વૃંદાવન અખંડ ભોમિ અખંડ રાસ છે,
અખંડ અમલા સઉ અખંડ વિલાસ છે. ॥ ૩ ॥
સદા સુખસાગર સોભા તે તો વદ્રાવનમા,
નિતનિત કેલ કરૂ અધિક આનંદમાં ॥ ૪ ॥
ગોપિ મન માહારે વિષે ગોપી વિષે હુ રહયો,
ઉધવજીની ભ્રાંત ભાગી ઉત્તર શ્રી કૃષ્ણે કહયો ॥ ૫ ॥

એહુવી શ્રીકૃષ્ણ લીલા જે કોઇ જન સાંભળે,
અનન્ય ભાકત આવે સશે સાહુ ટળે ॥ ૬ ॥
જાહેર હરી ભકિત આવે પ્રગટે પ્રેમ દશા,
તારે શ્રીકૃષ્ણ કેવળ તેહને રૂદે વસા. ॥ ૭ ॥
વસે હરી હૃદય તેહુને ગોપી સવાદથી,
જાડી કર પ્રિતમ કહે ગુરૂ પ્રસાદથી ॥ ૮ ॥
હરીની અપાર લીલા અગમ અગાધની,
પીવાનો પ્રેમ થયો ગુરૂ પ્રસ હથી, ॥ ૯ ॥
હરી ગુરૂ સતતણી શુભ કૃપાયે કરી,
સ્નેહે સરસ ગીતા આનંદે ઓચરી ॥ ૧૦ ॥
ઠાકાર કુંજ બીહારી પ્રસિદ્ધ પ્રકાસ છે,
સદેસરમાહે સદા આનંદ વિલાસ છે. ॥ ૧૧ ॥
તેહને ચરણે નમી હરી કથા કહી પ્રીત્યસુ
સાધુને સંગે મલિ ગાઇ રસ રિત્યસુ ॥ ૧૨ ॥
સવત ૧૮ વિષે વિસિ છે વિષ્ણુની,
એકત્રીસ અસાઢ સુદ લીલા કહી કૃષ્ણની ॥ ૧૩ ॥

તૃતિયા ચંદ્રવારે કથા પુરી થઇ,
પ્રેમિને પ્રિયે અતિ ગીતારસ ગુણ મઇ. ॥ ૧૪ ॥
પતિતને પાવન કરે એહવા ગુણગ્રામ છે,
ચોપાઇ છે ચાગ્સે નવ વિશ્રામ છે. ॥ ૧૫ ॥
શીખે ગાયે સાભળે ભાવે મોટા ભાગ તેહના
તેહને હરી કરૂણા કરે ટળે દુખ દેહનાં ॥ ૧૬ ॥

॥ સાખી ॥

હરીગુણ ગાતા હેતસુ ઉધર્યા અધમ અનેક,
પ્રીતમ પલક ન છાડીયે હરી કીરતનની ટેક.. ॥ ૧૭ ॥
તીલક છાપ તુલસી કંઠે મુખ ગોવિંદ ગુણ ગાય,
પ્રીતમપ્રાણિ પતીત હોયે પ્રેમ પુનીત થાય તે થાય ૧૮ ॥

॥ વિશ્રામ ॥ ૨૦ ॥

ઇતી શ્રી બાવા પ્રિતમદાજી કૃત સરસ ગીતા સંપૂર્ણ

વાણીનો વેપાર જગતમા વાણીનો વેપાર,
જો વાણીથી મીટ વાયે, જીત થઈ નીરધાર—જગતમા૦
જો વાણીથી કડવુ વદાયે, તો તે જીવની હાર—જગતમા૦
પણ વાણીથી હરીને ભજાયે તો તે બેડો પાર—જગતમા૦

વિનતી.

સર્વે ભાવિક બ્હેનોને નમ્ર વિનતિ છે કે શ્રી મુબઈ મધ્યે બાર ભાયા મહોલ્લામા નાગદેવી રસ્તા ઉપર સ્વગવાની શેઠ કલ્યાણજી રીન જીએ બધાવેલા શ્રી રામચદ્રજીના મદિરમા દરરોજ બપોરના કલાક ૩ થી ૪ સુધી શ્રી સદ્ધર્મ સુબોધ સ્ત્રીમડળ નામનુ સ્ત્રીઓનુ એક મડળ એકઠુ થાય છે જ્યા હમેશા નિતી ભક્તિથી ભરપુર ઉપદેશોનુ શ્રવણ કિર્તન થાય છે, અને તેવીજ રીતે સદરહુ મડળ તરફથી સાજના ૪ થી ૫ સુધી શ્રી માધવબાગમા પણ તેવોજ અમૂલ્ય સદ્બોધ મળે છે માટે ભાવીક બ્હેનોને અવશ્ય લાભ લેવા વિજ્ઞાપ્તિ કરવામા આવે છે, તેમજ ઉપયુક્ત મડળ તરફથી શ્રી રામચદ્રના મદિરમા **"શ્રીરામ સ્ત્રી ઉપયોગી પુસ્તકાલય"** ખોલવામા આવેલ છે, અને તેમાથી દરેક બ્હેનોને પુસ્તકો વગર લવાજમે વાચવા આપવામા આવે છે, માટે તેનો પણ લાભ લેવા વિનતિ કરવા આવે છે

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળશે.

ઠક્કર મોનજી લક્ષ્મીદાસ

ઠે૦—નલબજાર, ખોપરાની દુકાન,

મુ૦ મુબઇ.

આ પુસ્તકની કિમત અમુલ્ય છે એટલે સુપાત્ર જીજ્ઞાસુ સત મહાત્મા તથા બ્રાહ્મણોને અમારી ૩બરૂમા ભેટ તરીકે અર્પણ કરવામા આવશે પરતુ કોઈપણ સસારી ભકત હરીજન મગાવશે તેના પાસેથી પ્રત ૧ ની કીમત રૂ ૦–૨–૦ બે આના તથા ટપાલ ખચ બદલ રૂ. ૦–૦–૬ છ પૈ જ્યાદે લેવામા આવશે અને એવી રીતે આવેલુ મુલ્ય ધર્માદા કામમા વપરાશે

તા૦ ૮ મી અકટોબર સને ૧૯૨૪ સવત ૧૯૮૦ ના આસો સુદી ૧૦ મગળવાર—મુબઈ